
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૨.
અંક ૧૧ મો. જ્યેષ્ઠ : જુન
તા. ૧૦-૬-૧૯૪૬.




વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—
— : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | સિદ્ધાર્થનંદ કહોને !... ... ... | લે. ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી | ૧૯૧ |
| ૨ | શ્રી નવકાર મહામંત્ર : ... ... | લે. હીરાચંદ ઝવેરચંદ બેંગલોર | ૧૯૨ |
| ૩ | સાચી સ્વાધીનતા ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૯૩ |
| ૪ | પરિગ્રહમીમાંસા ... ... ... | લે. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૧૯૮ |
| ૫ | કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | લે. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ | ૨૦૧ |
| ૬ | શ્રીમાન યશોવિજયજી ... ... ... | લે. ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા | ૨૦૪ |
| ૭ | શ્રધાન અને સમ્યકત્વનો કથંચિત્ ભેદ ... | લે. સંવિજ્ઞ પુણ્યવિજયજી મહારાજ | ૨૦૬ |
| ૮ | આત્માનુભવ ... ... ... | લે. મુ. શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ | ૨૦૭ |
| ૯ | વર્તમાન સમાચાર ... ... ... | સભા | ૨૧૦ |


## આ માસમાં નવા થયેલ સભાસદો.

૧. શાહ નાનાલાલ દીપચંદ ( ૨ ) વાર્ષિકમાંથી લાઇફ મેમ્બર
૨. શાહ હીરાચંદ હરગોવિંદદાસ ( ૨ ) લાઇફ મેમ્બર

## આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સૂચના અને પુસ્તક ૪૩-૪૪ ની ભેટની બુક.

સખ્ત મોંઘવારી અને રાજ્ય તરફથી છાપવાના કાગળ પર કન્ટ્રોલ નિયમનને લઇને કાગળ નહીં મળતા હોવાથી પુસ્તક ૪૩–૪૪ વર્ષની ભેટની બુક છપાઇ શકે તેમ ન હોવાથી, સંયોગાધીન થઇ અમારા માનવંતા ગ્રાહકોને સભાએ અગાઉ છપાવેલી અને લાઇફ મેમ્બરોને તે વખતે ભેટ આપેલી ૧. **આચાર ઉપદેશ,** ૨. **શ્રાવક કલ્પતરુ,** ૩. **અધ્યાત્મમતપરીક્ષા.** આ ત્રણે બુકો પૈકી એક આ વખતે આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને પુ. ૪૩/૪૪ની ભેટ આપવી તેમ નિર્ણય થયો છે, જેથી અમારા ગ્રાહકોને ઉપરોકત ત્રણ બુકોમાંથી કઇ એક બુક પસંદ છે, તે અમોને જેઠ વદ ૦)) સુધીમાં લખી જણાવવું તેથી તેમને તે બુક ભેટ મોકલવામાં આવશે અને જેમનો ઉપરોકત બાબતનો ખુલાસો કંઇપણ નહિ આવે તેને સભા તે ત્રણમાંથી એક બુક લવાજમ પુરતા પૈસાના વી. પી. થી ભેટ મોકલશે. તે અમારા સુજ્ઞ ગ્રાહકો સ્વીકારી લેશે, એવી અમારી નમ્ર સૂચના છે. વી. પી. પાછું મોકલી જ્ઞાનખાતાને નુકશાન ન કરવા ભલામણ છે.

વી. પી. અસાડ વદ ૧ થી શરૂ કરવામાં આવશે.

## ભેટના બે સુંદર ગ્રંથો છપાઇ ગયેલ છે.

૧. શ્રી સંઘપતિ ચરિત્ર.
૨. શ્રી મહાવીર દેવના વખતની મહાદેવીઓ.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઇડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | જયેષ્ઠ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ જુન :: | અંક ૧૧ મો. |

## સિદ્ધાર્થનંદ કહોને !

સિદ્ધાર્થનંદ કહોને, અમિદૃષ્ટિ ક્યારે કરશો ?
ડગમગતા ધર્મસ્થંભો, સ્થિર નાથ કયારે કરશો ? સિદ્ધાર્થનંદ૦ ૧

ખીલેલી ફૂલવાડી, ભાળી મળ્યા અનાડી;
વેરાન કરી છે વાડી, નવ પલ્લવ કયારે કરશો ? સિદ્ધાર્થનંદ૦ ૨

મમત્વ વાયુ વાયા, ઝેરી કષાય છવાયા;
સંયમ કા લક્ષ ભૂલાયા, એકતાન ક્યારે કરશો ? સિદ્ધાર્થનંદ૦ ૩

કલિકાળ આજ રૂઠ્યો, સ્યાદ્વાદ ધર્મ વછૂટ્યો;
નિજ આત્મ દર્શ ત્રૂટ્યો, અબ પાર કયારે કરશો ? સિદ્ધાર્થનંદ૦ ૪

વિષભરી શું ચંડ દૃષ્ટિ, શી ઝમાવી જૈન સૃષ્ટિ ?
અમીભરી "વૈરાટી" દૃષ્ટિ, ભગવાન કયારે કરશો ? સિદ્ધાર્થનંદ૦ ૫

ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવકાર મહામંત્ર :

## અનુવાદ : ૧.

લેખક : હીરાચંદ ઝવેરચંદ—બેંગલોર

( જગજીવન જગ વાલહો—એ દેશી. )

પરમ દયાનિધિ જિન હો, શાંત સુધારસ નાથ લાલ રે;
ભાવે વંદન ગુરુરાજજી, શારદ માત નમું સાથ લાલ રે. ॥ પરમ૦ ॥૧॥

અષ્ટ પ્રાતિહાર્યે શોભતા, બાર ગુણે અરિહંત લાલ રે;
વાણી ગુણ પાંત્રીશ ભલી, વંદન જ્ઞાન અનંત લાલ રે. ॥ પરમ૦ ॥૨॥

વંદન સિદ્ધ ભગવંતને, પામ્યા સિદ્ધિસુખ શાંતિ લાલ રે;
અષ્ટ ગુણે અતિ શોભતા, કાન્તિ જળહળ જ્યોતિ લાલ રે. ॥ પરમ૦ ॥૩॥

આચાર્ય જગમાં ગુણ ભલા, પડિબોહે સવિ લોક લાલ રે;
જ્ઞાનસ્વરૂપ જેથી જાણીયે, વંદન ગુણ છત્રીશ થોક લાલ રે. ॥ પરમ૦ ॥૪॥

પથ્થરને પલ્લવ દીયે, ઉપદેશે શિષ્ય સમુદાય લાલ રે;
ઉપાધ્યાય ગુણ પચ્ચીશ ભલા, વંદનથી સુખ થાય લાલ રે. ॥ પરમ૦ ॥૫॥

સાધુ મહામુનિ વંદીયે, લબ્ધિતણા ભંડાર લાલ રે;
ગુણ સત્તાવીશે શોભતા, શીલાંગ સુખકર ધાર લાલ રે. ॥ પરમ૦ ॥૬॥

અરિહંત સિદ્ધ આચાર્યને, પ્રણમો અતિ મન ભાવ લાલ રે;
ઉપાધ્યાય નિત્ય વંદતા, સાધુ શરણ ચિત્ત લાવ લાલ રે. ॥ પરમ૦ ॥૭॥

એ પાંચે પરમેષ્ઠિના, એકસો આઠ ગુણ ધાર લાલ રે;
વંદન પૂજન ધ્યાનથી, પાપનો નાશ કરનાર લાલ રે. ॥ પરમ૦ ॥૮॥

સર્વ મંગલમાં માંગલિક, પ્રથમ મંગળ જયકાર લાલ રે;
લોકોત્તર સુખ પામીયે, લૌકિક સુખ નિરધાર લાલ રે. ॥ પરમ૦ ॥૯॥

નવ સ્મરણ અનુવાદથી, ઉપજે હર્ષ અપાર લાલ રે;
દુઃખ દારિદ્ર દૂરે ટળે, સ્મરણે જય જયકાર લાલ રે. ॥પરમ૦॥૧૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી સ્વાધીનતા

લે૦ **આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

કોઇને પણ પારકી તાબેદારી ઉઠાવવી ગમતી નથી, છતાં જીવનની જરૂરિયાતો પૂરી પાડવા પોતાની પાસે સાધન ન હોવાથી દુનિયાનો મોટો ભાગ પરાધીનતાની જાળમાં ફસાયો છે, એટલે તેમને અનિચ્છાએ પણ બીજાનાં વાણી, વિચાર અને વર્તન પ્રમાણે વર્તવું પડે છે. પોતાને ગમે કે ન ગમે, હિત થાય કે અહિત થાય, પણ સ્વામીપણે સ્વીકારેલાનું મન તો સાચવવું જ જોઇએ, રોગગ્રસ્ત હોય કે કોઇ પણ પ્રકારની ચિંતાગ્રસ્ત હોય તોયે વખતસર માલિકની સેવામાં હાજર થવું જ જોઇએ. આજીવિકા ટૂટી જવાથી અને કુટુંબ પાલવાની ચિંતાથી માનવીને ફરજિયાત સ્વાધીનતાનો ત્યાગ કરવો પડે છે, પરંતુ મનમાંથી તો સ્વાધીનતા મેળવવાની ધગશ ભૂંસાતી નથી. ગમે તેટલાં કષ્ટ અને આપત્તિનો આદર કરીને પણ સ્વાધીનતા મેળવવા નિરંતર ચિંતાગ્રસ્ત રહે છે અને અનેક પ્રકારના અથાકપણે પ્રયાસ પણ કરે છે.

સંસારમાં માનવી માત્ર પ્રાયઃ ધનપ્રાપ્તિમાં સંપૂર્ણ સ્વાધીનતા માને છે, કારણ કે જડાત્મક સુખનાં સાધન મેળવી આપવાને ધન અદ્વિતીય સાધન છે. અજ્ઞાની જનતાએ વૈષયિક સુખની કામનાની પૂર્તિને જ સ્વાધીનતાપણે સ્વીકારી છે. જન્માંતરના વૈષયિક સુખના સંસ્કારને લઇને માનવીને જીવનનિર્વાહનાં સાધન અન્ન, વસ્ત્ર, મકાન આદિ મળે તોયે વૈષયિક સુખના સાધનના અભાવથી પોતાને દુઃખી માને છે એટલે સુખના સાધન મેળવવા જોઇતા વધુ ધન માટે ધનાઢ્યોની પરાધીનતા ભોગવે છે, શ્રીમંતોના અનાદર તથા તિરસ્કારને મૂંગે મોઢે સહન કરી લે છે. કેટલાક તો પોતાની સ્થિતિ કાંઇક સારી હોવા છતાં પણ બીજાના બાગ-બંગલા-મોટર-ચાકર આદિ જોઇને તેને મેળવવાની ઇચ્છાથી સહેલાઇથી અને શીઘ્રતાથી વધુ ધન મળે તેવો વ્યવસાય કરે છે. જેમાં પોતાના નિર્વાહનું પણ સાધન ખોઇ બેસવાથી અત્યંત દુઃખી થઇને ધનવાનોની પરાધીનતાની બેડીમાં વધુ જકડાય છે અને જીવન પર્યંત ગુલામીમાંથી છૂટી શકતો નથી.

રોગાદિ કારણોને લઈને ધનાઢ્યોની શારીરિક સ્થિતિ ગમે તેટલી નબળી હોય તોયે તેને ગણુતા નથી, અણગમતા અનેક પ્રસંગોને લઇને સંક્લેશવાળી માનસિક સ્થિતિ હોય છતાં આર્થિક સ્થિતિ ઘણી જ સારી હોવાથી સ્વચ્છંદપણે વર્તીને પોતાને સુખી માને છે. પાસે સારા પ્રમાણમાં ધન હોય તો બીજાને આધીન રહેવાની જરૂરત નથી, કારણ કે જીવવાનું સાધન, મોજશોખનું સાધન અને ક્ષુદ્ર વાસનાઓ પોષવાનું સાધન પૈસા વેરવાથી મળી શકે છે. તેમજ મિથ્યાભિમાન પોષાય છે અને માન-મોટાઈ પણ મેળવાય છે. ભણવાને કે કોઇપણ કળા શીખવાને માટે બીજાની આધીનતા ભોગવવી પડતી નથી. પૈસાથી ભણેલા અને કળાવાળા ખરીદી શકાય છે. એટલે ધનાઢ્ય કાંઇ પણ ન ભણે કે ન શીખે તોયે ચાલી શકે છે. થોડા પૈસાવાળો સાધારણ સ્થિતિનો માણસ મોજશોખની વસ્તુઓ મેળવી શકતો નથી. ફક્ત જીવનનિર્વાહ પૂરતી ખાવા-પીવાની, પહેરવા ઓઢવાની અને રહેવાની ઘર આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ થોડી કીંમતની સાદી-સાધારણ મેળવી શકે છે. પણ કેટલાક વ્યવહારિક પ્રસંગોમાંથી પસાર થવાને માટે તેને ધન મેળવવાની પરાધીનતા ભોગવવી પડે છે, નમ્ર થઇને રહેવું પડે છે અને બીજાઓની ખુશામત પણ કરવી પડે છે, પરંતુ પૈસાવાળાને માટે તો આમાંનું કશુંય હોતું નથી. સારામાં સારાં ભોજન, વસ્ત્ર, બાગ, બંગલા, મોટર, ચાકર વિગેરે ધનવાન મેળવી શકે છે. પોતાની ઇચ્છા પ્રમાણે મોજશોખ કરી શકે છે. ગમે તેવા વ્યવહારિક પ્રસંગોમાં કોઈની પણ પરાધીનતા ભોગવવી પડતી નથી. બીજાઓ ભલે પૈસાવાળાની ખુશામત કરે છે પણ પૈસાવાળો તો કોઇની પણ કરતો નથી, માટે જ માનવી ધનાઢ્ય બનવાને પ્રયાસ કરે છે. કરોડોની સંપત્તિ મેળવનાર સંપૂર્ણ સ્વાધીનતા મળી ગઇ છે એમ સમજીને પોતાને પરમ સુખી માને છે. આવી માન્યતાવાળા જપ-તપ-સંયમસ્વરૂપ ધર્મને એક બાજુએ મૂકીને અધર્મ-અનીતિ તથા કુવ્યાપાર કરીને પણ ધનાઢ્ય બનવાના ચોવીસે કલાક પ્રયાસ કરે છે. કેટલાક પ્રભુસેવા કે ગુરુભક્તિ આદિ ધર્મ કરે છે પણ શીઘ્રતાથી અને વધુ પ્રમાણમાં ધન મેળવવાને, વ્યવહારમાં સફળ થવાને અને મેળવેલા ધનના રક્ષણ માટે જ હોય છે. થોડા જીવન માટે તૃષ્ણાના ઉપાસક બનીને ધન વધારવાની ધૂનમાં સંતોષનો અનાદર કરે છે. તેનું ખાસ કારણ તો જડાધીનતારૂપ વિષયાસક્તિ છે, દુનિયાને શું ગમે છે તે તરફ ધ્યાન આપીને તે તરફ પોતાનો જીવનપ્રવાહ વાળે છે. તે સારી રીતે સમજે છે કે કરોડોની સંપત્તિ થશે તો દુનિયામાં ગણ્યાગાંઠ્યા જ માનવી હશે કે જેમની પાસેથી કોઇ પણ પ્રકારનો ગુણ-ધર્મ-નીતિ-મોટાઇ-વાહવાહ કે સ્વર્ગાદિ પૈસાથી નહિ ખરીદી શકાય, બાકી તો જપ-તપ-સંયમનો આદર કરીને, કષ્ટાનુષ્ઠાન કરીને, અને ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવીને જે વસ્તુ મળી શકે છે તે પૈસા વેરવાથી મળી શકશે; કારણ કે દુનિયામાં ક્ષુદ્ર વાસનાગ્રસ્ત માનવીનો મોટો ભાગ પૈસાથી આ બધી ય વસ્તુ આપી શકે છે. પ્રભુની દષ્ટિમાં ગમે તેમ હોય પણ આ મનુષ્ય દેહમાં તો દુનિયાને મનાવવાનું છે. દુનિયામાં દષ્ટિપાત કરતાં જણાય છે કે-જપ-તપ-સંયમસ્વરૂપ ધર્મની ઉપાસના કરવાવાળા કરતાં પણ ધનની ઉપાસનાવાળા જનતામાં અત્યંત આદરનું પાત્ર બની રહ્યા છે. અને પોતાની ઇચ્છા કરતાં વધુ સન્માન મેળવી રહ્યા છે, કે જેને કષ્ટાનુષ્ઠાન કરીને ધર્મની ઉપાસના કરવાવાળા આત્માર્થી જીવો પણ મેળવી શકતા નથી. ધર્મિષ્ઠની કીંમત કે કદર અથવા તો બહુમાન પ્રભુને ઓળખનાર જ કરી શકે છે; બાકી ધનવાનનું બહુમાન કરવાને તો પ્રભુને ઓળખવાની જરૂરત નથી; કારણ કે જડાસક્ત માટે તો ધનવાન જ પ્રભુ છે. એટલે તેમનું બહુમાન દરેક સ્થળે થાય જ છે અને તેના ગુણ ગવાય છે. ધર્મસ્થળોમાં પણ ધનવાનોની પ્રશંસા થાય છે. અને ધર્મના પડછાયાનો સ્પર્શ ન હોવા છતાં પણ ધર્મી તરીકે વખણાય છે અને ધર્મી કરતાં પણ વધારે માન અપાય છે એટલું જ નહિ ધર્મી પણ, શેઠ ધર્મમાં લાખો ખરચે છે, ધન્ય છે એમ કહીને મુક્ત કંઠે પ્રશંસા કરે છે. દુનિયામાં પણ ધનિક જ્યાં જાય છે ત્યાં પુષ્કળ માન મેળવે છે. પૈસા ખરચીને પણ ડીગ્રીઓ મેળવેલી હોવાથી જ્યાં ધર્મીને કોઈ ઊભું ન રાખે ત્યાં બહુમાનપૂર્વક પ્રવેશ મેળવી શકે છે.

આ પ્રમાણે ધનથી વૈષયિક સુખના સાધન મેળવીને પોતાને સંપૂર્ણ સ્વાધીન માનનાર અજ્ઞાનતાને લઇને વિપરીત સમજી રહ્યા છે. એકાંત પરાધીનતાને તેઓ સ્વાધીનતા માની બેઠા છે; કારણ કે પૌદ્ગલિક વસ્તુ માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માથી ભિન્ન-પર છે અને તેમાં સુખની શ્રદ્ધા હોવાથી ધનથી અનુકૂળ વિષયપોષક પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવે છે અને તે દ્વારા સુખ ભોગવવાની ભાવનાથી તેને સારી સ્થિતિમાં રાખવાને અને નષ્ટ નહિ થવા દેવાને નિરંતર કાળજી રાખે છે, તેની વારંવાર સંભાળ લે છે. પોતાના સુખનું સાધન સમજીને તેના ઉપર પુષ્કળ મમતા રાખે છે. પરવસ્તુમાં જે મમતા થવી તે તેની પરાધીનતા છે. મમતા અને પરાધીનતામાં નામનો જ ફેર છે અને એક જ ભાવને જણાવે છે. જેમ જેમ પર વસ્તુ વધે છે તેમ તેમ પરાધીનતા પણ વધતી જ જાય છે. હજારની મમતાવાળો હજારને આધીન, લાખ-કરોડની મમતાવાળો લાખ-કરોડને આધીન એવી જ રીતે બાગ-બંગલા-વસ્ત્ર-ઘરેણાં આદિ વસ્તુઓ જેટલા પ્રમાણમાં વધારે હોય છે તેટલા જ પ્રમાણમાં મમતા વધવાથી પરાધીનતા પણ વધે છે. અને એટલા માટે જ માનવી તે વસ્તુઓનો ફેરફાર થવાથી, નષ્ટ થવાથી કે ચોરાઇ જવાથી દુઃખી થાય છે, જે વસ્તુઓના સંયોગ-વિયોગથી જેને સુખ દુઃખ અહિં થાય છે તે વસ્તુઓનો તે દાસ કહેવાય છે. પૌદ્‌ગલિક વસ્તુનું સાચવવું, સંભાળવું, રક્ષણ કરવું આદિ તેની આધીનતા ન જળવાય ત્યાં સુધી પૌદ્‌ગલિક સુખ મેળવી શકાય નહિ. જેની પાસેથી કાંઇ પણ વસ્તુ મેળવવી હોય તેને આધીન રહીને તેની સેવા કરવી પડે છે. જડ વસ્તુઓ પાસેથી સુખ મેળવનાર તેનો ત્યાગ કે તિરસ્કાર કરી શકતો નથી તેમજ સ્વાધીન પણ રહી શકતો નથી-પછી તે કહેવાતો ત્યાગી કેમ ન હોય.

આવતી કાલ માટે ખાવાને જેની પાસે શેર અન્નનો પણ સંગ્રહ નથી એવો સ્વાશ્રયી અને શ્રમજીવી નાના ઝુંપડામાં રહેનાર કહેવાતો ગરીબ માણસ જેટલો સ્વાધીન અને સુખી છે, તેટલો રાજ્યના ભંડાર ભરી રાખનાર, અને દરેક બાબતમાં પોતાના દાસનો પણ દાસ, લક્ષ્મીની લાતો ખાઇને નબળો પડી જવાથી બંગલામાં પડી રહેનારો સુખી હોતો નથી, કારણ કે કહેવાતો શ્રીમંત ઘણીખરી પ્રવૃત્તિમાં પરાધીન હોય છે. એક શેર ભાર પણ ઉપાડી શકતો નથી. માણસની જરૂરત પડે છે. વાહન સિવાય એક માઈલ પણ ચાલી શકતો નથી. પોતાના જીવન ઉપયોગી કોઇ પણ કામમાં સ્વાધીન હોતો નથી. પૈસા વેરીને શીખેલા માણસો પાસેથી કામ લે છે-ત્યાં સુધી કે ધન તથા જીવનની રક્ષાને માટે તો મોં-માગ્યો પગાર આપીને પણ માણસો રાખે છે. શ્રીમંતાઇ દેખાડવાની ધૂનથી ધન ઢોળીને પૌદ્‌ગલિક વસ્તુઓનો વધારે સંગ્રહ કરીને વધારે પરાધીન થવા છતાં પણ પોતાને સ્વાધીન માને છે તે તેની ટૂંકી અને અવળી બુદ્ધિનું પરિણામ છે.

કેટલાકનું માનવું છે કે, ધન-સ્વજન-કુટુંબ-હાટ-હવેલી-બાગ-બંગલા આદિ છોડી દેવા માત્રથી સ્વાધીનતા મળે છે અર્થાત્ આ બધું ય બાહ્યથી છોડી દઈને પોતાને સ્વાધીન માને છે પણ તેમાંયે સ્વાધીનતા શોધી જડતી નથી. જ્યાં સુધી વૈષયિક વૃત્તિયો વિરામ પામે નહિં ત્યાં સુધી સ્વાધીનતાની આછી છાયા સરખીયે હોતી નથી. પાંચે ઇંદ્રિયોમાંથી કોઇ પણ ઇંદ્રિયના વિષયની આસક્તિ પરાધીનતામાંથી છૂટવા દેતી નથી. જે કાંઇ વસ્તુ છોડવામાં આવે છે તે વિષયાસક્તિના સંસ્કારો ભૂંસાઇ જવાને માટે જ હોય છે, છતાં બધુંયે છોડી દઈને પાછી તે જ વિષયપોષક જડ વસ્તુઓની ઈચ્છા રહ્યા કરે અને તેથી તે ઈચ્છા પ્રમાણે તેને મેળવવા માયા-કષાયનો આદર કરીને છોડેલી વસ્તુઓ આડકતરી રીતે વાપરી આનંદ મનાવે તો તે સ્વાધીન કહી શકાય નહિ. જેનો આનંદ, સુખ તથા હર્ષ પરાધીન છે તે સ્વાધીન કેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે કહી શકાય ? માયા–મૃષાથી અજ્ઞાની જનતાને મનાવવા માત્રથી અને વસ્તુસ્થિતિના અણુજાણુની સંમતિ માત્રથી તાત્વિક વસ્તુ મળી શકતી નથી. મનગમતા રસોથી જીભનો વિષય પોષવાને, બાગ–બંગલા આદિથી આંખનો વિષય પોષવાને, સુંદર, કોમળ, આંખને ગમે તેવાં વસ્ત્રોથી સ્પર્શનો વિષય પોષવાને, વાહ-વાહ તથા મોટાઇથી અને અછતા ગુણોની પ્રશંસા સાંભળીને કાનનો વિષય પોષવાને માટે પૌદ્ગલિક વસ્તુઓથી સમૃદ્ધ પણ તાત્વિક વાણી, વિચાર તથા વર્તનના કંગાળ માણુસોની તાબેદારી ઉઠાવવી પડે છે, તેમને આધીન થઇને ચાલવું પડે છે અને તેમનું બહુમાન કરવું પડે છે. જો કે તેઓ મિથ્યાભિમાન પોષાય અને વાસના તૃપ્ત થાય તેવી પૌદ્ગલિક વસ્તુઓ સિવાય સાચું સુખ તથા આનંદ આદિના કારણભૂત સ્વાધીનતા આપી શકતા નથી, પરંતુ ઊલટા પરાધીનતાના સંસ્કારો પુષ્ટ બનાવે છે. તોયે પોતાને સ્વાધીન તથા સુખી માને છે પણ જ્ઞાની મહાપુરુષોની દૃષ્ટિએ તો તે અજ્ઞાની-પામર–પ્રાણી જ કહી શકાય; કારણ કે પરાધીનતા જડાસક્તિ સિવાય હોય નહિ અને જડાસક્તિનું કારણ વિષયાસક્તિ છે અને વિષયાસક્તને અવશ્ય કષાયોનો આશ્રય લેવો પડે છે; માટે જ જડાસક્ત અને વિષયી સ્વાધીનતા મેળવવાનો અધિકારી જ નથી.

વિલાસમાં પરાધીનતા છે અને વિકાસમાં સ્વાધીનતા છે. બંને એક બીજાનાં વિરોધીઓ છે, કારણ કે વિષયાસક્ત વિલાસી હોય છે તેને વિષયપોષક પૌદ્ગલિક વસ્તુઓની અત્યંત આવશ્યકતા રહે છે. તે સિવાય તો વિલાસ બની શકે નહિ માટે વિલાસીને જડ વસ્તુઓ મેળવવાની તીવ્ર અભિલાષા રહ્યા કરે છે. તે જ તેની પરાધીનતાનું ચિહ્ન છે. પુદ્ગલાનંદીપણું એક પ્રકારનો વિલાસ છે માટે તે વિલાસનો સંપૂર્ણ બાધક છે. પ્રભુ સંપૂર્ણ વિકાસી હોવાથી તેમની પાસેથી વિલાસ મળી શકતો નથી. વિલાસના આશ્રયમાં રહીને વિકાસ મેળવી શકાય નહિ. વિષયેચ્છાથી નિવૃત્ત થવું નથી, રહેવું છે વિલાસી (પરાધીન) અને વિકાસી (સ્વાધીન)-પણાનું માન મેળવવું છે તે પ્રભુની પાસેથી તો મળી શકે તેમ નથી અને એટલા માટે જ વિલાસી, પ્રભુની જરાયે દરકાર રાખતો નથી પણ પૌદ્ગલિક વસ્તુઓના સ્વામી વિલાસીની તો ઘણી જ તાબેદારી ઉઠાવે છે; કારણ કે પુદ્ગલાનંદીને જોઇતી વસ્તુ વિલાસીની પાસેથી જ મળી શકે છે અને એટલા માટે જ તેઓ વિલાસીયોના અનુગ્રહ તથા મહેરબાનીના યાચક હોય છે. તેમની પ્રસન્નતા ટકાવી રાખવાને માટે તેમના વાણી, વિચાર તથા વર્તનની પ્રશંસા કરીને પણ પોતાના વિલાસની વાસના સંતોષે છે. જે આત્મિક ગુણો પ્રભુની આજ્ઞાનું પાલન કર્યા સિવાય મળી શકતા જ નથી તે ગુણોનો વિલાસિયો દ્વારા પોતાનામાં મિથ્યા આરોપ કરાવીને પરમ હર્ષ માને છે. અને પોતાને તેવા ગુણસંપન્ન માનીને મિથ્યાભિમાનથી ફુલાય છે, પોતે વિલાસીયોનો તાબેદાર હોવા છતાં પણ વિલાસની વસ્તુ વાપરવાથી ચઢેલા નશામાં નિઃસ્પૃહી–નિઃસ્વાર્થી વિકાસી પુરુષોના માર્ગમાં રહીને વિલાસનો તિરસ્કાર કરી વિલાસિયોની ઉપેક્ષા કરનારા સ્વાધીન પુરુષોની અવગણુના કરીને તેમને તુચ્છ સમજે છે અને જનતામાં પોતાને મહાન પ્રભાવશાળી તરીકે ઓળખાવે છે. તે પોતાને ઓળખનાર જ જડાસક્ત જીવોનાં લક્ષણ છે; કારણ કે વિકાસી પ્રભુની આજ્ઞામાં રહીને તેમની તાબેદારી ઉઠાવ્યા સિવાય તો મહાપ્રભાવશાળી બની શકાતું જ નથી. કાંઇ પણ આત્મિક શક્તિ પ્રગટ કર્યા સિવાય કેવળ દેવના દાસ બની તેની સહાયતાથી પણ પ્રભાવશાળી બની શકાય નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિલાસી દેવની સહાયતાથી પોતે પ્રભાવશાળી બનવું તે મિથ્યા છે; કારણ કે તે પ્રભાવ દેવનો છે પણ પોતાનો નથી. જેમ ધનાઢ્ય વિલાસીની સહાયતાથી મોટા કે પ્રભાવશાળી કહેવડાવી ફુલાવું તે પામરતા છે તેમ દુનિયામાં મોટા બનવા વિલાસી દેવની ઉપાસના કરી, તેના દાસ બની તેની સહાયતાથી મોટા કે પ્રભાવશાળી કહેવડાવી પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવી તે પણ પામરતા જ છે. આ પ્રમાણે વિચાર કરતાં કેવળ બહારથી જ ધન-સ્વજન-હાટ-હવેલી છોડવા માત્રથી જ સ્વાધીન બની શકાતું નથી.

આત્મવિકાસ માટે સાચી સ્વાધીનતા મેળવવાની ઇચ્છા રાખનારને તો સંપૂર્ણ વિકાસી પ્રભુનું આલંબન લેવાની અત્યંત આવશ્યકતા છે, કારણ કે સાચી સંપૂર્ણ સ્વાધીનતા સિવાય સંપૂર્ણ આત્મવિકાસ થઇ શકતો નથી. જેટલે અંશે આત્મા સ્વાધીનતા પ્રાપ્ત કરે છે તેટલે અંશે પોતાનો વિકાસ સાધી શકે છે અને તે સિવાય તો સંસારમાં જીવન-સુખ, શાંતિ તથા આનંદ જેવી કોઇ વસ્તુ નથી. જ્યાં શાશ્વતી વિશ્રાંતિ નથી અને જન્મ-મરણના પ્રવાહમાં આત્મા તણાયા કરે છે ત્યાં સુખ-શાંતિ ભોગવવાની ભ્રમણાથી સંતોષ માનવો તે આત્માની અનાદિ કાળથી ચાલી આવેલી મોટી ભૂલ છે. તેને ટાળવાને માટે અનાદિ કાળની સ્વચ્છંદતા મોહગર્ભિત વર્તન છોડી દઇને સંપૂર્ણ વિકાસી પ્રભુની વાણી તથા વર્તનને અનુસરવાની ઘણી જ જરૂરત છે. પ્રભુને આધીન થઇને ચાલવામાં વિલાસ તથા વિલાસિયોનું દાસત્વ છોડવું પડે છે. જડાસક્તિ છૂટ્યા સિવાય પ્રભુને આધીન થવાય નહિ અને પ્રભુને આધીન થઇને ચાલ્યા સિવાય સંપૂર્ણ સ્વાધીનતા મળી શકતી નથી અને તે સિવાય તો આત્મા પોતાના ગુણોને મેળવીને વિકાસી બની શકતો નથી; માટે જ પ્રભુના સ્વરૂપને મેળવવું તે સાચી સ્વાધીનતા કહેવાય છે અને તે પાંચે ઇંદ્રિયોના વિષયની અસર ન થાય તો જ મેળવી શકાય છે. જ્યાં સુધી વિષયાસક્તિ હોય છે ત્યાં સુધી ઇંદ્રિયોના વિષયની અસર થયા વિના રહેતી નથી. જેમકે સુંદર રૂપ-આકૃતિ, બાગ-બંગલા આદિ વસ્તુઓ જોઇને ચિત્તવૃત્તિનું તે તરફ આકર્ષણ થાય છે અને એકદમ બોલી જવાય છે કે-અહા! કેવું સુંદર છે! મિષ્ટાન્ન આદિ વસ્તુઓ ખાઇને પ્રશંસા કરવી, સુગંધી વસ્તુઓના ગંધથી પ્રસન્ન થવું, પોતાની સ્તુતિ તથા પ્રશંસાના શબ્દો સાંભળીને ફુલાઇ જવું, કોમળ સ્પર્શથી સુખશાંતિ અનુભવવી. આ પ્રમાણે જ્યાં સુધી વૈષયિક વસ્તુઓની અસર થાય છે ત્યાં સુધી જીવને જડાત્મક વસ્તુઓની અથવા તો જડ વસ્તુઓના સ્વામીની અત્યંત પરાધીનતા ભોગવવી પડે છે; માટે તે સ્વાધીનતા મેળવવાનો અધિકારી નથી.

મોહની છાયા આત્મા ઉપર રહેલી હોવાથી અનુકૂળતા તથા પ્રતિકૂળતાના સંસ્કારોને લઇને આત્મા નિરંતર ક્લેશ-ઉદ્વેગ-અશાંતિ તથા અસુખ ભોગવી રહ્યો છે, છતાં અનુકૂળતામાં પોતાને સુખી માને છે, ખુશી થાય છે અને આનંદ મનાવે છે; પણ તે તેની વિષયાસક્તિના નશા સિવાય સુખ-આનંદ જેવી કોઇ તાત્વિક વસ્તુ જ નથી, પરવસ્તુમાં રહેલી અનુકૂળતા તથા પ્રતિકૂળતામાં પરાધીનતા સરખી જ છે કારણ કે બંને મોહજન્ય છે. અનુકૂળતા રાગથી થાય છે અને પ્રતિકૂળતા દ્વેષથી થાય છે એટલે બંનેમાં અશાંતિ તથા સુખ રહેલાં છે; કર્મબંધ છે; આત્મગુણઘાત છે. ફરક અગ્નિ અને હિમ જેટલો છે. અગ્નિ દાહક છે તેમ હિમ પણ દાહક છે પણ બંનેમાં વસ્તુને બાળવાના પ્રકાર જુદા છે. હિમ શીતળતાથી વસ્તુને બાળે છે અને અગ્નિ ઉષ્ણતાથી બાળે છે, તેમ પૌદ્‌ગલિક સુખ-આનંદ અનુકૂળપણે આત્મિક ગુણનો ઘાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિગ્રહમીમાંસા

લેખકઃ—મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ

(‘વસ્ત્ર ધારણ કરવું એ પણ પરિગ્રહ છે’ એવી દિગમ્બર માન્યતાનો નિરાસ કરતી શ્રી ઉત્તરાધ્યયન-બૃહદ્વૃત્તિને અનુસારી વિશદ વિચારણા.)

(૧)

વિક્રમની બારમી સદી હતી. પાટણના તખ્ત પર સિદ્ધરાજ જયસિંહ રાજા રાજ્ય કરતો હતો. રાજાની પ્રભુતા અને ન્યાયશીલતા ઉપર પ્રજા મુગ્ધ હતી.

તે સમયે શ્વેતામ્બર દર્શનમાં શ્રી દેવસૂરિજી મહારાજનો પૂર્ણ પ્રતાપ ઝળકતો હતો, ને દિગમ્બર સમ્પ્રદાયમાં કુમુદચન્દ્ર વાદીની હાક વાગતી હતી. પ્રથમમાં ધીરોદાત્ત નાયકના ગુણો આવીને વસ્યા હતા ને ખૂબ પુષ્ટિ પામ્યા હતા, અન્યમાં ધીરોદ્ધત્ત નાયકના ગુણો ગૂંજતા હતા. યેન કેન પ્રકારેણ વાદમાં વિજય મેળવવો એ કુમુદચન્દ્રનું જીવનધ્યેય હતું.

શ્રી દેવસૂરિજી મહારાજની વિદ્વત્તા, પ્રતિભા અને યશઃકીર્તિ સાંભળ્યા પછી તેઓશ્રી સાથે વાદ કરી વિજય વરવાના કુમુદચન્દ્રને ઉત્કટ કોડ જાગ્યા હતા.

ન છાજતાં પ્રયત્નો કરી શ્રી દેવસૂરિજી મહારાજને તેણે વાદ માટે ઉશ્કેર્યા હતા.

સ્વર્ગ સમા પાટણમાં સૌધર્મ દેવલોકની સુધર્મા સભા સમી શોભતી શ્રી સિદ્ધરાજની રાજસભામાં બન્ને વચ્ચે ચિરસમય શાસ્ત્રાર્થ-વાદ થયો.

સ્ત્રીમુક્તિ અને કેવલિમુક્તિ એ બે વાદના કેન્દ્રસ્થળો હતા. સ્ત્રીશરીરે મુક્તિ મળી શકતી નથી એ દિગમ્બરની માન્યતાનું શ્રી દેવસૂરિજી મહારાજે સચોટ ખંડન કર્યું હતું.

---

કરે છે અને દુઃખ તથા ઉદ્વેગ આદિ પ્રતિકૂળપણે આત્મિક ગુણોનો નાશ કરે છે, જેમ સુખ-આનંદમાં કે દુઃખ-ઉદ્વેગમાં જડાધીનતા છે તે તાત્વિક દૃષ્ટિથી કાંઈ પણ વસ્તુ જ નથી અને એટલા માટે જ તેમાં ઘણું જ અનિયમિતપણું તથા અસ્થિરપણું રહેલું છે. મોહગ્રસ્ત જીવોને જે વસ્તુ આજે અનુકૂળ જણાતી હોય તે જ વસ્તુ કાળાંતરે પ્રતિકૂળ થઇ જાય છે અને પ્રતિકૂળ હોય તે અનુકૂળ થાય છે જેથી જીવોની મનોવૃત્તિમાં અસ્થિરતા કાયમ રહે છે. આ અસ્થિરતા જ પરાધીનતાનું ચિહ્ન છે. પાંચે ઇંદ્રિયો પોતાના વિષયોને ગ્રહણ કરે જ છે પણ તેમાં અનુકૂળ-પ્રતિકૂળતા જેટલે અંશે મંદ હોય છે તેટલે અંશે આત્મા સ્વાધીનપણું મેળવી શકે છે. અર્થાત્ આત્મા ઇંદ્રિયોદ્વારા કેવળ સ્થૂળ પૌદ્ગલિક વસ્તુઓને જાણી શકે છે તેમાં જેટલે અંશે રાગ-દ્વેષની મંદતા હોય છે તેટલે અંશે આત્મા સ્વાધીન કહી શકાય; માટે જ પૌદ્ગલિક વસ્તુઓની જેને અસર મંદ થાય તે જ સાચી સ્વાધીનતા મેળવવાનો અધિકારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીમુક્તિના ખંડન-મંડનમાં પરિગ્રહવાદનો વિષય સારી રીતે છણવામાં આવ્યો હતો.

પરિગ્રહીને મુક્તિ ન મળે, વસ્ત્ર એ એક પરિગ્રહ છે. વસ્ત્ર વગર સ્ત્રી ન રહી શકે ને તેથી તે પરિગ્રહવિરમણ મહાવ્રતવાળી સાધ્વી ન બની શકે; માટે જ તેને મોક્ષ નથી. દિગમ્બરોનો એ મુખ્ય મુદ્દો હતો.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્વૃત્તિના મુખ્ય આધારે શ્રી દેવસૂરિજી મહારાજે તેનું નિરસન કરી સ્ત્રીમુક્તિની સિદ્ધિ કરી, વિજયશ્રી વરી હતી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્વૃત્તિના કર્ત્તા વાદીવેતાલ શ્રી શાન્તિસૂરિજી મહારાજ છે. વાદી દેવસૂરિજી મહારાજના પૂજ્ય ગુરુ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે શ્રી શાન્તિસૂરિજી મહારાજ પાસે તર્કશાસ્ત્ર વગેરેનું અધ્યયન કર્યું હતું, ને તે રીતે વાદી દેવસૂરિજી મહારાજને શ્રી શાન્તિસૂરિજી મહારાજના જ્ઞાનધનનો વારસો પોતાના ગુરુમહારાજદ્વારા પ્રાપ્ત થયો હતો.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું દ્વિતીય અધ્યયન 'પરીષહ' નામનું છે. તેમાં બાવીશ પરીષહોનું સુન્દર સ્વરૂપ વર્ણવેલ છે. છઠ્ઠા 'અચેલ' પરીષહના સ્વરૂપ પર વિવેચન કરતાં વસ્ત્રને પરિગ્રહમાં માનવું કે નહિં ? એ વિચાર શ્રી શાન્તિસૂરિજી મહારાજે તર્ક-યુક્તિ-પ્રમાણોથી સારી રીતે ચર્ચ્યો છે. તે ઘણો મનનીય છે. દલીલોથી ગહન ને ગંભીર છે. અહીં તેને આધારે તે વિચાર દર્શાવવામાં આવે છે.

( ૨ )

સંસારથી મુક્ત થવાને, પરમ પદ પ્રાપ્ત કરવાને, સિદ્ધદશા મેળવવાને સંયમ એ પ્રધાન કારણ છે. ને તે જ કારણે સંયમીને સર્વ કરતાં સંયમ રક્ષણ એ જ મુખ્ય ઉદ્દેશ્ય હોય છે. જેને જે પદાર્થની સિદ્ધિ અભિલષિત હોય છે તે તે પદાર્થના કારણો પ્રત્યે ઉદાસીન રહેતો નથી. ઘટ બનાવવાની આકાંક્ષાવાળો જેમ માટીના પિંડ પ્રત્યે ઉદાસીન ન રહે, તેમ સંયમને સાચવવાના ધ્યેયવાળા મુનિઓ તેમાં સાધનભૂત વસ્ત્ર પ્રત્યે પણ ઉદાસીન ન જ રહે.

સંયમરક્ષામાં વસ્ત્ર કારણ નથી એમ માનનારા અને કહેનારાઓએ વિચારવું જોઇએ કે, કોઈપણ પદાર્થ પ્રત્યે એક પદાર્થની અકારણુતા બે રીતે હોય છે. એક તો જે પદાર્થ પ્રત્યે તે અકારણ છે, તે પદાર્થનો તે વિઘાતક હોય અથવા તેના પ્રત્યે તે ઉદાસીન હોય.

જેમકે પટ-વસ્ત્ર બનાવવામાં તન્તુઓ કારણભૂત છે, પણ અગ્નિ કે પત્થર કારણ નથી. કારણ કે અગ્નિ પટનો વિઘાતક છે. અગ્નિથી વસ્ત્ર બળી જાય છે-નાશ પામે છે. જે જેનો વિનાશક હોય તે તેનો સાધક તો ન જ હોય. બીજું પથ્થર વસ્ત્ર પ્રત્યે ઉદાસીન છે. પથ્થર પટ બનાવવામાં સહાયક પણ નથી થતો તેમ નુકશાન કરનાર પણ નથી. તે પ્રમાણે વસ્ત્ર એ સંયમનું વિઘાતક છે કે સંયમ પ્રત્યે ઉદાસીન છે ?

દિગમ્બર—વસ્ત્રથી સંયમનો વિઘાત થાય છે.

શ્વેતામ્બર—વસ્ત્ર ધારણ કરવાથી પંચમ મહાવ્રત-પરિગ્રહવિરમણ ખંડિત થાય છે ? આસક્તિ થાય છે ? કે કષાય-ક્રોધ, માન, માયા, લોભ જાગે છે ? કઇ રીતે સંયમનો વસ્ત્ર વિઘાત કરે છે ?

દિગ૦—વસ્ત્રથી પંચમ મહાવ્રતનો વિનાશ થાય છે.

શ્વેતા૦—વસ્ત્ર વ્રતવિનાશક છે એ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે એમ ને એમ કહો છે। કે યુક્તિ-પ્રમાણુથી ? એમ ને એમ ઢીધે રાખતા હો તો તે મનાય જ નહિં. ને યુક્તિપ્રમાણુથી કહેતા હો તો તે યુક્તિઓ સ્વતંત્ર છે કે સિદ્ધાન્તાનુસારી ?

દિગ૦—યુક્તિઓ સ્વતંત્ર હોય કે સિદ્ધાન્તાનુસારી, તેથી શું ? જો યુક્તિસિદ્ધ વાત હોય તો તે તમારે માનવી જોઇએ.

શ્વેતા૦—જે યુક્તિઓ સિદ્ધાન્તાનુસારી નથી હોતી ને સ્વતંત્ર હોય છે તેથી વસ્તુ-તત્ત્વનો નિર્ણય થતો નથી. કપોલકલ્પિત તર્કણાઓથી કેવળ વિતણ્ડા જ વધે છે. દેડકાને શરીરે રોમ નથી હોતા, પણુ તેને ચાર પગ હોય છે ને તે કૂદીને ગતિ કરે છે. હરણુને શરીરે રોમ હોય છે. હરણુ પણુ ચાર પગ-વાળું કૂદીને ગતિ કરનારું છે. વિતંડા કરનાર દલીલ કરી કહે છે કે દેડકા રોમવાળા છે, ચાર પગ છતાં કૂદીને ગતિ કરે છે માટે હરણુની જેમ અથવા હરણો રોમ વગરના છે, ચાર પગ છતાં કૂદીને ગતિ કરતા હોવાથી, દેડકાની જેમ; પણુ એવી નિર્મૂલ યુક્તિઓથી કંઇપણુ સિદ્ધ થતું નથી કારણુ કે ચાર પગ અને કૂદીને ગતિ કરનારા બધા કાં તો રોમ-વાળા, નહિં તો રોમ વગરના જ હોય એવો કોઇ સિદ્ધાન્ત નથી ને તેવા પ્રકારના સિદ્ધાન્ત સિવાય કલ્પેલી વ્યાપ્તિ-યુક્તિનો પ્રત્યક્ષ બાધ થાય છે. સિદ્ધાન્તને નહિ અનુસરનારી યુક્તિઓ આખર નિર્બલ અને દૂષિત જ નીવડે છે.

ગમે તેવો બુદ્ધિમાન્ સિદ્ધાન્તને અસ-મ્મત પોતાના સ્વતન્ત્ર વિચારને સબળ દલીલોથી સિદ્ધ કરે તો પણુ તેથી વિશેષ બુદ્ધિવાળા તેને ફેરવી નાખે છે. સર્વજ્ઞ સિવાય અલ્પજ્ઞોના સ્વતન્ત્ર વિચારોમાં પરસ્પર બુદ્ધિ-ના તારતમ્યો રહે જ છે ને તેનો અન્ત પણુ હોતો નથી. કહ્યું છે કે—

**यत्नेनानुमितोऽप्यर्थः, कुशलैरनुमातृभिः ।**
**अभियुक्ततरैरन्यै--रन्यथैवोपपाद्यते ॥**

દિગ૦—અમારી યુક્તિ કપોલકલ્પિત સ્વતન્ત્ર નથી, પણુ સિદ્ધાન્તાનુસારી છે. તે સિદ્ધાન્ત તમને અને અમને બન્નેને અભિ-મત છે. તે સિદ્ધાન્ત વચન આ છે—" **गामे वा नगरे वा अप्पं वा बहुं वा जाव नो परि-गिण्हेज्जा.** " તેને અનુસારી યુક્તિ આ પ્રમાણે છે. જે જે પરિગ્રહ સ્વરૂપ છે, તે તે ધારણુ કરવાથી પાંચમા મહાવ્રતનો વિનાશ થાય છે. જેમ ધન-ધાન્ય વગેરે. વસ્ત્ર એ પરિગ્રહ સ્વરૂપ છે માટે તે ધારણુ કરવાથી પાંચમા મહાવ્રતનો વિઘાત કરે છે.

શ્વેતા૦—જ્યાંસુધી વસ્ત્ર પરિગ્રહસ્વરૂપ છે એ સિદ્ધ ન થાય ત્યાંસુધી તમારું કથન એ કથન માત્ર છે.

દિગ૦—વસ્ત્ર મૂર્ચ્છાને ઉત્પન્ન કરે છે માટે પરિગ્રહસ્વરૂપ છે.

શ્વેતા૦—જો વસ્ત્ર મૂર્ચ્છાનું કારણુ છે તો શરીર એ મૂર્ચ્છાનું કારણુ છે કે નહિં ? શરીરને પણુ મૂર્ચ્છાનું કારણુ માનવું જોઇએ, તે અભ્યન્તર સાધન છે. મેળવવું વિશેષ મુશ્કેલ છે. દુષ્પ્રાપ્ય પદાર્થો મળે તેમાં રાગીઓને વધારે મૂર્ચ્છા રહે છે.

દિગ૦—શરીર પણુ ભલે મૂર્ચ્છાનું કારણુ હો ! પણુ સંયમ લેનારે ત્યાગી શકાય તે સર્વ મૂર્ચ્છાના કારણો ત્યજવા જોઇએ. વસ્ત્ર ત્યજી શકાય છે ને શરીર ત્યજી શકાતું નથી. વળી શરીર સિવાય સિદ્ધિની સાધના થઈ શકતી નથી, માટે શરીર એ સિદ્ધિનું સાધન છે.

શ્વેતા૦—શરીરનો ત્યાગ કરી શકાતો નથી, તે તમે સર્વને માટે કહો છે। કે વ્યક્તિ-વિશેષને માટે ? શરીરનો ત્યાગ કોઇપણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખકઃ—**મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.**

( ગતાંક પૃષ્ઠ ૧૮૭ થી શરૂ )

જે તે સમયે, જે તે પ્રકારે, જે તે નામથી, દોષરૂપ મેલ રહિત તું; તે એક જ ભગવાન હોય તો, તને મારા નમસ્કાર થાઓ.

જેણે ત્રણ કાળમાં અલોક સહિત ત્રણ લોક આંગુલિ સહિત કરતલની ત્રણ રેખાની પેઠે સાક્ષાત્ જોયું છે, (સર્વજ્ઞ, સર્વદર્શી) અને રાગ, દ્વેષ, ભય, રોગ, કાળ, જરા, ચપલતા અને લોભાદિ જેમના પદનું લંઘન કરવા સમર્થ નથી થયા તે મહાદેવને (અર્થાત્ અઢાર દોષ રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ મહાદેવને) હું વંદું છું.

જેણે આગમથી ઓળખાતા વિશ્વનો ઉત્પત્તિરૂપી સમુદ્રની રચનાનો પાર જોયો છે, જેનું વચન પૂર્વાપર બાધા વિનાનું, અનુપમ અને દોષરહિત છે, સાધુપુરુષોથી વંદનીય, સમસ્ત ગુણના ભંડાર, દોષરૂપી શત્રુઓ જેમના નાશ પામ્યા છે, એવા તે, ચાહે બુદ્ધ હોય, શ્રી વર્દ્ધમાન પ્રભુ હોય, બ્રહ્મા હોય, વિષ્ણુ કે મહાદેવ હોય; પણ તેને હું નમસ્કાર કરું છું. (અર્થાત્ રાગ-દ્વેષ રહિત વીતરાગ પ્રભુને મારા નમસ્કાર છે; પછી ભલેને નામ ગમે તે હોય.)

---

કરી શકતું નથી, વ્યક્તિ માત્રને માટે તેનો ત્યાગ અશક્ય છે એમ કહેવું એ મિથ્યા છે. ઘણાં લોકો આત્મઘાત કરી અગ્નિમાં પ્રવેશી સહેલાઈથી હસતાં હસતાં શરીરને પણ ત્યજી શકે છે. વ્યક્તિવિશેષને આશ્રયીને શરીરનો ત્યાગ અશક્ય કે દુઃશક્ય કહેતા હો! તો વસ્ત્ર પણ વ્યક્તિ વિશેષને માટે ત્યજવું અશક્ય વા દુઃશક્ય છે; માટે શરીરની જેમ જે ત્યજવું અત્યન્ત મુશ્કેલ હોય તેના ત્યાગનો આગ્રહ સેવવો એ વ્યવહાર વિરુદ્ધ છે.

બીજું શરીર સિવાય સિદ્ધિની સાધના નથી થઇ શકતી માટે તેને સિદ્ધિનું સાધન માનો છો, તો બિચારા વસ્ત્રનો શો અપરાધ? તેવા પ્રકારની વિશિષ્ટ શક્તિઓ જેઓમાં નથી તે આત્માઓને શિયાળાની ઠંડીથી, ચોમાસાના ભેજથી તથા તેવા પ્રકારના અન્ય સંયમાદિના વિઘાતક કારણોથી રક્ષી વસ્ત્ર જ સંયમ-સ્વાધ્યાય-ધ્યાન આદિમાં સહાયક બને છે; માટે વસ્ત્ર સિવાય પણ સિદ્ધિસાધના દુઃશક્ય છે તેથી તેને પણ સિદ્ધિનું સાધન માનવું જોઈએ.

આ સર્વ હકીકત મૂર્ચ્છાના કારણની વાતનો વિરોધ કર્યા સિવાય કહેવામાં આવી છે. બાકી ખરી રીતે તો સંયમીઓને કોઇપણ સ્થળ વસ્તુ વિષયમાં મૂર્ચ્છા હોતી જ નથી.

કહ્યું છે કે—

**सव्वत्थुवहिणबुद्धा, संरक्खणपरिग्गहे ।**
**अवि अप्पणो विदेहम्मि, नायरन्ति ममाइउं (यं)**

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ગુણભરપૂર સ્તુતિ કરીને બ્રાહ્મણ પંડિતો આ સાંભળી મૌન જ રહ્યા. મહારાજા કુમારપાલ બહુ જ પ્રસન્ન થયો અને બોલ્યો, ગુરુદેવ !

અહીં સોમેશ્વર દેવ હાજર છે, આપ જેવા મહર્ષી મહાત્મા વિદ્યમાન છે, મારા જેવો તત્ત્વનો અર્થી-મુમુક્ષુ અહીં વિદ્યમાન છે; આ ત્રિવેણીનો સંગમ થયો છે; તો મને શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મતત્ત્વ સમજાવો અને સાચું શું છે ? તે કહો. હું સ્થિરચિત્તે આ તત્ત્વત્રયીની આરાધના કરી મારા આત્માને સંસારસમુદ્રથી તારું. વળી આપ જેવા ગુરુદેવ મળ્યા છતાંયે યદિ તત્ત્વનો સંદેહ રહે તો સૂર્યોદય થયા છતાંયે વસ્તુ ન દેખાઈ, અને ચિંતામણિ મળ્યા છતાંયે દરિદ્રી રહ્યા જેવું થશે.

શ્રી આચાર્ય મહારાજે રાજાની સાચી જિજ્ઞાસાવૃત્તિ પારખીને કહ્યું, રાજન્ ! તમે બરાસનો ધૂપ કર્યે જાઓ, હું મંત્ર ભણું છું. બન્ને જણ ગભારામાં રહ્યા છે, મધ્યરાત્રિએ મહાદેવજીના લિંગ( પિંડી )માંથી તેજ નીકળ્યું, તેમાંથી ગંગા, જટા, ચંદ્રકળા અને ત્રિનેત્ર ઈત્યાદિ ઉપલક્ષણ યુક્ત શંકર નીકળ્યા, તે દેખી, સૂરિજી મહારાજે રાજાને કહ્યું, તમે એમને ધર્મતત્ત્વ પૂછી જુઓ. રાજાએ વિનયથી નમસ્કાર કરી યથાર્થ ધર્મ તત્ત્વ શું છે-કયું છે ? તે પૂછયું. સાક્ષાત્ મહાદેવજી બોલ્યા, અને અંતમાં કહ્યું—" હે રાજન્ ! હે કુમારપાલ ! જો તું મોક્ષ અને મોક્ષ આપનાર ધર્મની ઇચ્છા રાખતો હો, તો હાલમાં પૃથ્વીમાં સર્વ દેવના અવતારરૂપ નિષ્કપટપણે પરબ્રહ્મને જાણનાર, બાળપણથી સંયમધારી, સ્વપરમતના સર્વ શાસ્ત્રના પારગામી અને બ્રહ્માના જેવા આ હેમાચાર્ય જયવંત વર્તે છે. તેમના મુખથી તને ઇષ્ટ તત્ત્વની-શુદ્ધ ધર્મતત્ત્વની પ્રાપ્તિ થશે." આમ બોલી શંકરજી અદૃશ્ય થયા. રાજા કુમારપાલ ગુરુદેવને પગે પડી કહે છે કે, આજથી આપ જ મારા દેવ, ગુરુ, માતા-પિતા છો. બીજું કોઈ નથી. પૂર્વે જીવિતદાનથી આ લોક આપ્યો હતો, હવે ધર્મોપદેશથી પરલોક આપો. બસ !

રાજા કુમારપાલે માંસાહારનો સર્વથા ત્યાગ કર્યો, અભક્ષ્યનો ત્યાગ કર્યો અને સત્ય ધર્મ ઉપર તેની વધુ ને વધુ પૂર્ણ શ્રદ્ધા દૃઢ થઈ. પછી તો સૂરિજી મહારાજને ઉત્સવપૂર્વક પાટણ પધરાવ્યા છે, નિરંતર ધર્મદેશના સાંભળે છે અને શુદ્ધ જૈન ધર્મની આરાધના કરે છે.

× × ×

એક વાર વિદ્વાનોની સભા મળી છે. દેશ-દેશના પંડિતો આવ્યા છે. ધર્મતત્વની ચર્ચા ચાલી છે. બધાયે પંડિતોએ પોતાના ધર્મ તત્વની સત્યતા સાબિત કરવા પ્રયત્ન કર્યો. યુક્તિ, તર્ક, દલીલોનો ધોધમાર વાણીપ્રવાહ વહાવ્યો. રાજા સિદ્ધરાજ આ વિતંડાથી-વાણીવિલાસથી કંટાળ્યો. એને એમ થયું કે આ વાણીવિલાસમાં તે ધર્મ કયાંથી ઉપલબ્ધ થાય ? છેવટે એણે જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજને વિનમ્રભાવે પૂછયું-મહારાજ ધર્મતત્વ કયાં છે ?

સૂરિજીમહારાજે **" ચારી સંજીવની ન્યાય "** [1]દૃષ્ટાંતપુરઃસર સમજાવી રાજાને કહ્યું જે ધર્મ આચરવાથી આત્માની શુદ્ધિ થાય, જે ધર્મ આરાધવાથી ષડ્રિપુનો પરાજય થાય, જે ધર્મની ઉપાસનાથી દયા, પ્રેમ-સ્નેહ

૧. દૃષ્ટાન્ત પ્રસિદ્ધ હોવાથી મેં અહીં નથી આપ્યું. બાકી આ દૃષ્ટાન્તમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની પ્રતિભા કેવી ચમકે છે એ જ જોવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધે, ન્યાય નીતિ સદાચાર વધે, અને જે ધર્મ આરાધવાથી આપણા રાગ, દ્વેષ, મોહ, મમત્વ ઓછાં થાય, કર્મ ક્ષય થાય એ સત્ય ધર્મ છે. એવા ધર્મતત્વની પ્રાણી માત્રે સદાયે ઉપાસના કરવી જ જોઇએ. સાચો આત્મધર્મ એનું નામ છે, પ્રાણી માત્ર પ્રતિ દયા, ક્ષમા, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય જીવનમાં પ્રગટે. રાજન્! આવો ઉત્તમ આત્મધર્મ કોણ ન પાળે?

સિદ્ધરાજ ત્યારપછી શ્રી હેમચંદ્રાચાર્યજીનો પરમ અનુરાગી બન્યો છે અને જૈન ધર્મ ઉપર પણ તેને બહુમાન વધ્યું.

× × ×

એક વાર મહારાજા કુમારપાલ પંડિતોની સભા ભરીને બેઠા છે ત્યાં એક વિદ્વાને કહ્યું-મહારાજા, આ જૈનાચાર્ય આપણા વિશ્વમાન્ય સૂર્યદેવને નથી માનતા.

રાજા પૂ. આચાર્ય મહારાજની સામે જુએ છે. સૂરિજીમહારાજ હસીને જવાબ આપે છે-રાજન્! જૈનો સહસ્રરશ્મિ, સવિતા નારાયણને સમકિતી દેવ માને છે. બીજું જૈનો જેટલા સૂર્યના સાચા ઉપાસક સંસારમાં કોઈ નથી એમ કહું તો ચાલે. જુઓ, જેને આ પંડિતો સૂર્યદેવ માને છે તેના અસ્ત પછી અમે જૈન સાધુઓ કદી પણ મોઢામાં અન્ન કે પાણી નથી નાખતા. રાત્રે અમારા આચાર મુજબ પાણીનું ટીપુંયે નહિં નાંખવાનું. જૈન ધર્મનો પણ એ જ ઉપદેશ છે કે દરેક જૈને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

પ્રાતઃકાલમાં પણ સૂર્યોદય પછી બે ઘડી સુધી અમે મોઢામાં પાણીનું ટીપુંયે નથી નાંખતા.

આ સૂર્યદેવના ઉપાસકોને પૂછો કે સૂર્ય ગ્રહણ થાય છે ત્યારે તો તમે ભોજન-પાણી નથી કરતા તો આ જ સૂર્યદેવ અસ્ત થાય છે ત્યારે રાત્રે ભોજન કેમ કરો છો? અને પુરાણમાં લખ્યું પણ છે કે—

**"अस्तंगते दिवानाथे आपो रुधिरमुच्यते।**
**अन्नं मांससमं प्रोक्तं मार्कंडेन महर्षिणा ॥"**

તેમજ સ્કંદપુરાણમાં સૂર્યની સ્તુતિ કરતાં લખ્યું છે કે "તારો અસ્ત થયા પછી પાણી લેવું તે રુધિર બરાબર છે. તારા કિરણોથી સ્પર્શ થયેલું પાણી જ પવિત્રતા પામે છે." વગેરે. તો મહાનુભાવો સાચા સૂર્યોપાસક બની રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરો. પાણી પીવાનો પણ સૂર્યાસ્ત પછી ત્યાગ કરો તો તો તમને સૂર્યના સાચા ઉપાસક કહી શકીએ, બાકી તો ઠીક જ છે.

આક્ષેપ કરનારને મૌન જ રહેવું પડ્યું.

ત્યાં વળી એક પંડિતરાજ બોલી ઊઠ્યા-મહારાજ, આ જૈનાચાર્ય આપણા વિષ્ણુભગવાન્‌ને પણ નથી માનતા. વૈષ્ણવો વિષ્ણુ વિના બીજાથી મુક્તિની પ્રાપ્તિ નથી માનતા. રાજા આમાં કાંઇ સમજ્યો નહિં. એણે સૂરિપુંગવ શ્રી હેમચંદ્રાચાર્યજીની સામે જોયું.

સૂરિજી—રાજન્! એનું કહેવું સાચું છે. પરંતુ એને ખબર નથી કે સાચા વૈષ્ણવ કોણ છે? જૈન સાધુઓ જ સાચા વૈષ્ણવ છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન યશોવિજયજી.

(૪)

ગતાંક પૃષ્ઠ ૧૮૯ થી શરુ

લે.–ડૉ. **ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા** M. B. B. S.

## અધ્યાત્મ જીવન

બાકી એમનું ખરું જીવન તો આધ્યાત્મિક–આત્મપરિણતિમય **આદર્શ 'મુનિજીવન'** છે. પોતાનો જીવનસમય તેમણે અપ્રમાદપણે યથોક્ત મુનિધર્મના પાલનમાં, શાસનની પ્રભાવનામાં, સત્ક્રિયોદ્ધારમાં, અને પ્રમાણભૂત એવા વિપુલ સાહિત્યસર્જનમાં સુવ્યતીત કર્યો છે. ગૂજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને મારવાડી એ ચારે ભાષામાં તેમણે આબાલવૃદ્ધ સર્વને ઉપયોગી એવું વિવિધ વિષયી ટંકોત્કીર્ણ સાહિત્ય સર્જ્યું છે. તેમના મુખ્ય વિષય ન્યાય, સમાજસુધારણા, અધ્યાત્મ, યોગ, ભક્તિ આદિ છે. એકલા ન્યાય વિષયના જ તેમણે એક સો ગ્રંથ રચ્યાથી **'ન્યાયાચાર્ય'** પદ મળ્યાનો તેમણે પોતે જ ઉલ્લેખ કરેલો છે:

**" पूर्वं न्यायविशारदत्वबिरुदं**
**काश्यां प्रदत्तं बुधैः,**
**न्यायाचार्यपदं ततः**
**कृतशतग्रंथस्य यस्यार्पितम् ।"**

## સાહિત્યની સદીઓ

તેમજ 'રહસ્ય' પદાંકિત એક સો ગ્રંથ રચવાની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ તેમણે પોતે જ કર્યો છે. આમ હાલના ક્રિકેટના ઉત્તમ ખેલાડીઓ (Century Batsman) જેમ આ સાહિત્યના મહાન ખેલાડીએ વાઙ્મય–ક્રીડાંગણમાં સદીઓ નોંધાવવાની જ વાત કરી છે! અને સર્વત્ર પ્રમાણભૂત હોઈ ચિરસ્થાયી કીર્તિને લીધે નૉટ આઉટ જ (Not out) રહ્યા છે! જેમ ઉત્તમ ખેલાડીના બૉલે બૉલે રસિક પ્રેક્ષક લોકો હર્ષાવેશમાં આક્રીન પોકારે છે, તેમ આ સાહિત્ય મહારથીના બોલે બોલે તત્ત્વરસિક વિદ્વજ્જનો 'ધન્ય ધન્ય'ના હર્ષનાદો કરે છે! પરમતત્ત્વચિંતક **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અંજલિ આપી છે કે–"યશોવિજયજીએ ગ્રંથો રચતાં એટલો ઉપયોગ રાખ્યો હતો કે તે પ્રાયે કોઇ ઠેકાણે ચૂકયા નહોતા."

## અક્ષરમાં અક્ષર આત્મા

આમ અક્ષરદેહમાં જેનો અક્ષર આત્મા પ્રતિબિંબિત થાય છે, પ્રત્યક્ષ ચૈતન્ય ચમત્કાર જણાય છે, એવા આ મહાત્માનું અધ્યાત્મ જીવન તેમની કૃતિઓના આભ્યંતર દર્શન પરથી વિચક્ષણ વિવેકીઓ અનુમાની શકે છે. તેમની એક એક કૃતિ એવી અમૂલ્ય અને અપૂર્વ તત્ત્વસંભારથી ભરેલી છે કે, તે પ્રત્યેકનું વિહંગાવલોકન કરવા માટે પણ અનેક લેખમાલા જોઇએ, ઊડતી નજર નાખવા માટે પણ ઘણો વખત જોઇએ. પણ અત્રે તેટલો સમય નથી ને અવકાશ પણ નથી, લેખકની શક્તિ નથી ને વાચકની ધીરજ પણ રહે તેમ નથી. એટલે અત્રે તો યત્ર તત્ર દૃષ્ટિપાત કરીને જ સંતોષ માનશું.

## સમકાલીનો

અને તે કરીએ તે પહેલાં તેમના સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલીનોનો કંઈક વિચાર કરીએ. ઉ૦ **વિનયવિજયજી, આનંદઘનજી, સત્યવિજય ગણી, માનવિજય ઉપાધ્યાય** આદિ વિશિષ્ટ વિદ્વદ્ મંડલી તેમની સમકાલીન હતી. તેમાં ય ખાસ કરીને શ્રી વિનયવિજયજી તો એમના સહાધ્યાયી પરમાર્થ સુહૃદ્ હતા; આ **વિનયવિજય** અને **યશોવિજયની** જોડી સુપ્રસિદ્ધ છે. બન્ને ગાઢ પરમાર્થ મિત્ર અને ઉત્તમ કોટિના શાંત મુમુક્ષુ હતા. આ લેખકના પૂ. પિતાશ્રીએ (સદ્. શ્રી **મનઃસુખભાઈ કીરતચંદ્ર મહેતા**) પોતાની **શાંત સુધારસની** વિદ્વત્તાપૂર્ણ મુખમુદ્રામાં આ અંગે કહ્યું છે કે—" શ્રી **યશોવિજય** અને **વિનયવિજય** તો પ્રાયઃ એક બીજાની સમીપે રહેતા. કાશી ન્યાયના અભ્યાસ અર્થે બંનેનું સાથે જવું થયું હતું × × આમ જો કે શ્રી **યશોવિજય** અને શ્રી **વિનયવિજય** બંને પ્રાયઃ સહચારી સહાધ્યાયી હતા, સમસ્વભાવી હતા, છતાં જ્યારે શ્રી **યશોવિજયે** લોકાનુગ્રહ ભણી વીર્ય પ્રવર્ત્તાવ્યું હતું, ત્યારે શ્રી **વિનયવિજયે** મૂળથી જ શાંત વૃત્તિ સાધવામાં એ ફોરવ્યું હતું." જૈનોમાં ઘેર ઘેર રસપૂર્વક વંચાતો સુપ્રસિદ્ધ **શ્રીપાળ રાસ** તો આ બંને મહાત્માઓની સંયુક્ત કૃતિ છે; શ્રી **વિનયવિજયજીએ** એનો પૂર્વ ભાગ રચ્યો, ત્યાં તેમનો દેહોત્સર્ગ થયો; એટલે શ્રી **યશોવિજયજીએ** તેનો ઉત્તર ભાગ રચી ઉત્તમ મિત્ર કાર્ય કર્યું. છેવટે ત્યાં શ્રી **યશોવિજયજી** લખે છે—

> **" માહરે તો ગુરુચરણ પસાયે,**
> **અનુભવ દિલમાંહિ પેઠો;**
> **ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહે,**
> **આતમરતિ હુઇ બેઠો રે...**
> **મુજ સાહિબ જગનો તુઠો."**

## શ્રી આનંદઘનજીનો સમાગમ

શ્રીમાન્ **આનંદઘનજીનો** દર્શન-સમાગમ એમના જીવનની એક ક્રાંતિકારી વિશિષ્ટ ઘટના છે. તે વખતનો રૂઢિચુસ્ત ને ક્રિયાજડ સમાજ એવી પરમ અવધૂત દશાવાળા, આત્માનંદમાં મગ્ન રહેનારા, આત્મારામી સત્પુરુષને ઓળખી ન શક્યો, ને આ 'લાભાનંદજી' નો યથેચ્છ લાભ ન ઉઠાવી શક્યો. ઘર આંગણે ઊગેલા કલ્પવૃક્ષને ન આરાધી વાંચ્છિત ફલથી વંચિત રહ્યો. એ સમાજનું મહાદુર્ભાગ્ય અથવા કરાલ કલિકાલનો દુઃષમકાળનો મહાપ્રભાવ! પણ તેવું તેવાને ખેંચે, Like attracts like, લોહચુંબક લોહને ખેંચે એ ન્યાયે શ્રી૦ **યશોવિજયજી** શ્રી **આનંદઘનજીને** તેમના યથાર્થ સ્વરૂપમાં ઓળખી શકયા. વર્તમાનમાં પરમ યોગી **શ્રીમદ્ રાજચંદ્રજી** ઓળખી શકયા છે તેમ. શ્રી. **આનંદઘનજી** અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીએ** આ પરમ મનનીય વચનો ઉચ્ચાર્યા છે—

## શ્રી. આનંદઘનજીને રાજચંદ્રજીની ભાવાંજલિ

" શ્રી **આનંદઘનજીએ** સ્વપરહિતબુદ્ધિથી લોકોપકાર પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગ ધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઇ હતી કે લોકો ધર્મને કે **આનંદઘનજીને** પિછાણી ન શકયાં, ઓળખી ન શકયાં. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતા યોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઈ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્ત્તવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રદ્ધાન અને સમ્યક્ત્વનો કથંચિત્ ભેદ.

લેખક—**સંવિજ્ઞ પુણ્યવિજયજી મહારાજ.**

શ્રદ્ધાન એ ઉત્તમ અધ્યવસાયરૂપ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એ સમ્યક્ત્વનું કાર્ય છે. જ્યાં જ્યાં શ્રદ્ધા હોય ત્યાં ત્યાં સમ્યક્ત્વ જરૂર હોય. દષ્ટાંત એ કે-જેણે મનઃપર્યાપ્તિ પૂરી કરી છે એવા કરણપર્યાપ્તા અને દશે પ્રાણોને ધારણ કરનાર શ્રદ્ધાવાળા શ્રી તીર્થંકર આદિ મહાપુરુષોને સમ્યક્ત્વ જરૂર હોય છે. આ બાબતમાં ન્યાય પણ એમ જ સ્પષ્ટ જાહેર કરે છે કે-રસોડાના દષ્ટાંતે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય જ; પરંતુ જેમ તપાવેલા લોઢાના ગોળા આદિમાં ધૂમાડા વિના પણ અગ્નિ દેખાય છે અને રસોડા આદિમાં ધૂમ સહિત અગ્નિ દેખાય છે, તેમ જ્યાં સમ્યક્ત્વ હોય ત્યાં તે જીવને શ્રદ્ધા હોય અથવા ન પણ હોય, જેઓ પાછલા ભવનું સમ્યક્ત્વ લઇને માતાના ગર્ભમાં ઊપજે, એવા શ્રી તીર્થંકર વિગેરે મહાપુરુષોને મનઃપર્યાપ્તિ પૂરી થયા પહેલાં એકલું સમ્યક્ત્વ હોય છે અને તે પર્યાપ્તિ પૂરી થયા પછી બન્ને સમ્યક્ત્વ અને (શ્રદ્ધા) હોય છે. આથી સાબિત થયું કે-ખરી રીતે સમ્યક્ત્વ અને શ્રદ્ધા એ બન્ને અલગ છે, છતાં ઔપચારિક ભાવથી સમ્યક્ત્વરૂપ (શ્રદ્ધાના) કારણમાં શ્રદ્ધારૂપ(કાર્ય)નો ઉપચાર કરીએ તો બન્ને એક પણ કહી શકાય એમ 'ધર્મસંગ્રહ'માં **પૂ. ઉ. મ.** ના વચનોથી જાણી શકાય છે. તાત્પર્ય એ કે-શ્રદ્ધાન એ ઉત્તમ માનસિક અધ્યવસાયરૂપ છે, તેથી એકાંતે શ્રદ્ધા અને સમ્યક્ત્વ એક જ માનવામાં ઉપર જણાવેલા અપર્યાપ્તા જીવોમાં અને સિદ્ધ પરમાત્મા વિગેરેમાં પણ સમ્યક્ત્વનું લક્ષણ ઘટી શકે નહિ, કારણ કે તેઓને મન નથી માટે શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પણ હોઈ શકે નહિ. અને ભગવાન શ્રી તીર્થંકર દેવોએ તેમને સમ્યક્ત્વ હોય એમ કહ્યું છે, જેથી આ ગૂંચવણ દૂર કરવા માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ "આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ" એમ ફરમાવ્યું. આ લક્ષણ સર્વત્ર વ્યાપક છે એમ સમજવું.

---

યોગ્ય છે. આવી વિચારણાને પરિણામે તે લોકસંગ તજી દઈ વનમાં ચાલી નીકળ્યા. વનમાં વિચરતાં છતાં અપ્રગટપણે રહી ચોવીશી-પદ આદિવડે લોકોપકાર તો કરી ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ છે. પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન શકયાં. પણ આનંદઘનજી અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા."* (ચાલુ)

*(જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૮૦૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનુભવ.

( સંગ્રાહક :—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ. )

**બાહ્ય** પદાર્થોમાં પ્રગટતી રૂચિવૃત્તિને આત્મજ્ઞાન બળે અન્તરમાં કોઈ ગુણમાં રમાવવી, અને અન્તરમાં પરમ પ્રેમ પ્રગટે તથા અન્તરમાં રૂચિરસની ધારા વહે અને તેથી અન્તર્મુખ મન રહે એવું આત્મસ્વરૂપ જાગ્રત રહે એમ પૂર્ણ વીર્ય પ્રવર્ત્તાવવાની આવશ્યકતા છે. આત્માને પોતાના ધર્મમાં અત્યંત રાગ જેમ જેમ પ્રગટ થતો અવબોધાય છે, તે તે અંશે બાહ્યમાંથી અત્યંત રાગ ન્યૂન થતો અવબોધાય છે. મહાસમર્થ આત્મજ્ઞાની સદ્ગુરુની કૃપાએ બાહ્ય દૃશ્યમાંથી રાગ ટળે છે અને અન્તરમાં પ્રેમ લાગે છે. આત્માના શુદ્ધ સ્વરૂપમાં મન એટલું બધું રૂચિરસથી લીન થવું જોઇએ કે, જેથી તેના પર સંસારની વિપત્તિયોની અસર ન થાય. આત્માના સ્વરૂપમાં વિશુદ્ધ પ્રેમરસથી એટલું બધું લીન થઈ જવું જોઇએ કે, સાત પ્રકારના ભયથી તેને વા શરીરને અંશમાત્ર ચાંચલ્ય ન પ્રગટે. આત્માના સ્વરૂપમાં એટલું બધું લીન થઈ જવું જોઇએ કે, મનને બાહ્ય કોઇ પણ વિષયમાં સ્વપ્નમાં પણ રૂચિ ન પ્રગટે. આત્માના શુદ્ધ ધર્મમાં વિશુદ્ધ રૂચિરસના તન્મય ભાવથી મન લીન થઇ જવું જોઇએ કે, કીર્તિ અને અપકીર્તિના કોઇ પણ શબ્દની વા વિચારની ગમે તે જાતની આત્મા પર અસર ન થાય. આત્માના શુદ્ધ સ્વરૂપમાં વિશુદ્ધ પ્રીતિથી મનને એટલું બધું લીન કરવું જોઇએ કે, જેથી અઘાતી કર્મનો પ્રારબ્ધ ઉદય ભોગવતાં છતાં શુભાશુભ વિકલ્પ સંકલ્પમાં મનની પ્રવૃત્તિ ન થાય. **આત્માના શુદ્ધ ધર્મમાં વિશુદ્ધોપયોગથી એટલું બધું મન લીન થઇ જવું જોઇએ કે, વિશ્વમાં જાગતા છતાં જ્ઞાનભાવે નિર્વિકલ્પક નિદ્રાની સ્થિતિનો અનુભવ થાય.** આત્માના શુદ્ધ ધર્મમાં પરમ પ્રેમથી મન એટલું બધું લીન થઇ જવું જોઇએ કે, જેથી આત્મશાસ્ત્રોનું અવલંબન લેવાની જરૂર અથવા અન્ય જ્ઞાનીઓનાં અવલંબનની જરૂર ન રહે. આત્માના શુદ્ધ ધર્મમાં મન એટલું બધું લીન થઇ જવું જોઇએ કે, જેથી બાહ્ય વિષયોમાં કદાપિ સુખની ભાવના ન પ્રગટે. આત્માના શુદ્ધ ધર્મમાં મનને પૂર્ણ રસ પડે અને તેથી તેને વિષયોન્મુખ થવાનાં નિમિત્તો મળે તોપણ તે આત્માના શુદ્ધ ધર્મમાં જ લાગી રહે એવી મનની શુદ્ધતા કરવાને હે ચેતન! તું પ્રયત્ન કર. આત્મ વીર્યોત્સાહથી પ્રવૃત્તિ કર. તારી પ્રવૃત્તિ આધ્યાત્મિક હોવી જોઇએ. તારા મનમાં પ્રગટતા અધ્યવસાયોથી આત્માની દશામાં તું કેટલો ઉચ્ચ થયો છે, તે અવબોધાશે. તારી વર્તમાન સ્થિતિ એ ભવિષ્ય જન્મનું આદ્ય ધોરણ છે; માટે જેટલું બને તેટલું આત્મહિત કર.

× × ×

ભૂતકાલમાં નરક, સ્વર્ગ, તિર્યંચ અને મનુષ્યગતિના અનેક પર્યાયોને ધારણ કરનાર તું પોતે જ હતો. જે જે દેવોના અવતારો તેં કર્યા તેની શક્તિઓનાં બીજકો તારામાં જ હતાં. નરકમાં નારકીના અવતારો લીધા તેના હેતુઓ પણ તારા મનમાં હતા. હવે તું વિચાર કર કે, તારામાં કઇ જાતના પર્યાયોની ખામી છે. આવી રીતે અવતારાદિક અશુદ્ધ પર્યાયોને ધારણ કરીને તેં ભવમાં નાટ્યકર્મ અનન્ત વાર કર્યાં, તેના સંસ્કારોના બીજકો જે કંઇ સૂક્ષ્મ પ્રકૃતિઓ રૂપે તારા અસંખ્યાત પ્રદેશોમાં વર્તતા હોય તેઓનો સંપૂર્ણ નાશ થાય એવો આત્મવીર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ સ્ફુરાવ. તું શુદ્ધોપયોગે અપ્રમત્ત બનીને શુભાશુભ પરિણામરૂપે પરિણમતા આત્મવીર્યને પોતાના શુદ્ધ ધર્મમાં વાળીને શુદ્ધ રૂપમાં પરિણમાવ. સંસારરૂપ યન્ત્રની કુંચી વા બોયલર સમાન મન છે. શુભાશુભમાં પરિણમતું એવું મન પોતાના આત્માના શુદ્ધ ધર્મમાં ચિંતવનરૂપ કાર્યમાં વાળવાથી મનની સ્થિરતા થતાં સંસારચક્ર બંધ પડી જાય છે. હે આત્મન્ ! પોતાના શુદ્ધ ધર્મમાં મનને રમાવીને તું પોતાની શુદ્ધતાના પ્રદેશમાં આગળ વધ. આ ભવમાં આત્મિક ધર્મોન્નતિનો જેટલો પ્રયાસ કર્યો તેટલો આવતા ભવમાં કરવો નહિ પડે અને આગળથી અભ્યાસ શરુ કરવો પડશે. બાહ્યના જેટલા વિભાવ ધર્મ છે તેનામાંથી અસત્વ ત્યજીને હે ચેતન ! તારા શુદ્ધ ધર્મમાં તન્મયભાવે સ્થિર થઇ જા. અન્ય દેવો–દાનવોના સાહાય્યની આશા ન રાખ. તેઓ પણ મોહના ચક્રમાં સપડાયલા છે. તું આત્મબળ ઉપર જ ઝૂઝ. **તારો શુદ્ધોપયોગ એ સર્વ દેવ–દેવીઓના કરતાં તારા સ્વરૂપની શુદ્ધિ માટે અનન્તગુણ બળવાન છે.** કથાનુયોગનાં અનેક પુસ્તકો વાંચીને અન્યોને કથાથી રીઝવવા કરતાં સ્વકીય શુદ્ધ ધર્મનો પૂર્ણ આવિર્ભાવ કર કે જેથી સર્વ જગત્‌ને ધર્માર્થે તારું જીવન આદર્શરૂપ બને અને તેને કથારૂપે લોકો કથી શકે, ગણિતાનુયોગમાં દક્ષત્વ મેળવીને પરભાવમાં ગણિતાનુયોગને ન પરિણમાવતાં પોતાના શુદ્ધ ધર્મપર્યાયોની ગણનામાં તેનો ઉપયોગ કર કે જેથી તું પણ અન્ય લોકોમાં ધર્મ સ્મરણાર્થે વ્યક્તિના અવલંબન તરીકે ગણાય. ચરણકરણાનુયોગની વિદ્વત્તાનો પોતાનામાં શુદ્ધ ચારિત્ર્ય પરિપૂર્ણ પ્રગટાવવા માટે ઉપયોગ કર. દ્રવ્યાનુયોગના જ્ઞાનનો સ્વાત્મ દ્રવ્યના શુદ્ધ પર્યાયોની વ્યક્તતામાં ઉપયોગ કર. ચાર પ્રકારના અનુયોગના જ્ઞાનને પોતાના હિતાર્થે વાપર.

× × ×

## ચાર અનુયોગનો ઉદ્દેશ.

ચાર પ્રકારના અનુયોગ જ્ઞાનનો ઉદ્દેશક પ્રત્યેક આત્માની ઉન્નતિ થાય એવા પ્રકારનો છે. ચાર પ્રકારના અનુયોગનું જ્ઞાન યથાયોગ્ય રીતે સંપ્રાપ્ત કરીને તેનો ઉપયોગ ખરેખર પોતાના આત્માની શુદ્ધિ કરવા માટે કરવો જોઇએ. ચાર પ્રકારના અનુયોગના જ્ઞાનનું ફળ એ છે કે, સર્વ રાગાદિક વૃત્તિઓ તથા પ્રવૃત્તિયોથી વિરામ પામીને આત્માના શુદ્ધ ધર્મમાં લીન થવું, અને રાગાદિકનો નાશ કરવા આત્મિક પરિણામ અને બાહ્ય નિમિત્ત સાધનોવડે પ્રવૃત્ત થવું- આવો નિવૃત્તિમાર્ગ એ મુક્તિનો રાજમાર્ગ છે, અને એવા સહજ યોગમાર્ગે વા રાજમાર્ગે વિચર્યા વિના આત્મોન્નતિના અનુભવો સંપ્રાપ્ત કરી શકાય નહિ. ચાર પ્રકારના અનુયોગનું જ્ઞાન પોતાના આત્મામાં વિરતિભાવે પરિણમે એવી રાજમાર્ગની પ્રવૃત્તિ આદરવા યોગ્ય છે. હે **ચેતન !** તું સાધુવેષ, આચાર અને આત્મગુણોથી એવી સહજયોગની દશામાં પરિણામ પામ, અને પરભાવથી પરિપૂર્ણ વિરામ પામ કે જેથી પરમાત્મદશા પ્રાપ્ત થવાની આ ભવમાં અનુભવ જ્ઞાનમાં પરિપૂર્ણ નિશ્ચયતા થાય. તને થનારા જ્ઞાન અને ચારિત્રના અનુભવો આગળના અનુભવને પ્રગટાવે છે. આ પ્રમાણે પરંપરાનુભવ શ્રેણિયોના સંસ્કારોમાં એકઠું થતું જ્ઞાન, ચારિત્રબળ છેવટે શુદ્ધ નૈશ્ચયિક મુક્તિના અનુભવને પ્રગટાવે છે; માટે હે **ચેતન !** તારામાં રહેલા પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન નૈશ્ચયિક અનુભવને પ્રગટ કર. તું જેમ જેમ રાગાદિક વિકલ્પ–સંકલ્પ વૃત્તિયોથી વિરામ પામીને પરમ પ્રેમથી અન્તરમાં રમણતા કરીશ. બાહ્ય તથા આન્તરિક સાધન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામગ્રીની તને અમુકાંશે પ્રાપ્તિ થઇ છે. અને હવે શુદ્ધોપયોગથી આગળની સામગ્રી પણ તારે પ્રાપ્ત કરવી જોઇએ. શરીરપ્રવૃત્તિ કરતાં આ બાબતમાં તારે મનને અન્તર્મુખ કરીને શુદ્ધોપયોગથી આત્મસ્વભાવમાં સ્થિર રહેવાની ઘણી જરૂર છે. પોતાના શુદ્ધ ધર્મમાં પરમાનન્દ રસ પડે એવી રીતે સ્થિર થઈ જા. નિર્વિકલ્પ દશામાં બહુ કાળ વ્યતીત થવાથી આત્મામાં આપોઆપ મોક્ષ અનુભવાયો અને અનુભવાશે.

× × ×

પોતાનો આત્મા સાકાર કેવી રીતે છે ? નિરાકાર કેવી રીતે છે? નિત્ય કેવી રીતે છે? અનિત્ય કેવી રીતે છે? આત્મા એકલો જ સત્ છે ? કર્માદિ વિભાવ કંઈ નથી. ઇત્યાદિક કઈ અપેક્ષાએ છે? તે સર્વે અનેકાન્ત જ્ઞાનનો આત્મમાં અનુભવ કરતાં અવબોધાય છે. અને તેથી વિશ્વમાં પ્રવર્ત્તતા અનેક ધર્મો કયા કયા આશયોએ-વિચારનયોએ ઉત્પન્ન થએલા છે. સમ્યક્ અવબોધાયાથી આત્મામાં સ્વસ્વરૂપનો નિર્ણય થાય છે તેથી **यथा पिण्डे तथा ब्रह्माण्डे** એવો અનુભવ થવાથી કદાગ્રહના મૂલ બન્ધનો છૂટી જવાથી આત્મા, આગ્રહરૂપ ભારથી લઘુ થાય છે. હેય, જ્ઞેય અને ઉપાદેયપણે સર્વ નયોની સાપેક્ષતાએ સર્વ ધર્મોના સર્વ પ્રકારના ઉદ્દેશ, વિચારોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી જ્ઞાન થતાં ભૂતકાલ, વર્તમાનકાલ અને ભવિષ્યકાલમાં થનાર અનેક ધર્મોના મૂળ આશયોનું પ્રસ્ફોટન થાય છે; આવા અનેકાન્ત જ્ઞાનના અનુભવ પ્રદેશમાં સર્વ નયોની અપેક્ષાએ અનેક મત-ધર્મોને અવલોકવાની દૃષ્ટિ પ્રાપ્ત થયા બાદ પોતાના આત્માના ભૂત પર્યાયોમાં એવા એકાન્તિક અનેક મત-ધર્મોનાં ચિત્રો અવલોકયાથી પોતાના આત્માના પ્રદેશે પ્રદેશે-તેવા એકાન્ત જ્ઞાન સંસ્કારનાં સત્તાબીજકો ન રહે તેવો આત્મ વીર્યભાવ પ્રગટાવવાની આવશ્યકતા અવલોકાય છે. અને તે પ્રમાણે અનેકાન્ત અનુભવજ્ઞાનની વૃદ્ધિ કરવામાં સ્યાદ્વાદ વિચારશ્રેણીએ આગળ વધી શકાય છે. આવી દશાનો અનુભવ આવે છે. અને તેથી કષાયની ક્ષીણતા અમુક રીતિએ અમુક ભાવે થાય છે તેવો અનુભવ આવે છે. આવા અનેકાન્ત જ્ઞાન-સંસ્કારનું દાર્ઢ્ય થતું જાય છે. અને ભવિષ્યમાં તેવું ઉચ્ચ શુદ્ધજ્ઞાન વિશેષ વિશેષભાવે ખીલતું જાય એવા ઉપાયોને વર્તમાનમાં લેવાની જરૂર છે. શ્રી વીર પ્રભુની પટ્ટપરંપરાએ પ્રાપ્ત થયેલ આગમોવડે સ્યાદ્વાદજ્ઞાનની પ્રાપ્તિ થતા આવી હાર્દિક સ્ફુરણાઓ જાગ્રત થાય છે, અને આત્માનું સમ્યગ્જ્ઞાન જગત્ના સર્વ જીવોને પ્રાપ્ત થાય એવી કર્ત્તવ્યતા પ્રતિ પ્રવૃત્તિ કરાય છે. આત્મજ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાન છે, આત્મજ્ઞાનના અનુભવની ખુમારીની સ્ફુરણાઓ જીવતા શબ્દોને હૃદયદ્વારા ઉદ્ગીરે છે. અને આત્માભિમુખવૃત્તિની સાધનામાં આત્મબળને પ્રેરે છે. આવું અંતરમાં પ્રવર્તતાં ભવિષ્યમાં આત્મપર્યાયોની શુદ્ધતામાં પરંપરાએ વૃદ્ધિ થશે, એવો અનુભવ આવે છે. સમભાવની દશામાં સ્થિરતા વિશેષ થાય એમ પ્રવૃત્તિ કરવી જોઇએ. કાયાની ચંચલતા, મનની ચંચલતા અને વચનનો રોધ કરવાથી આત્માની સ્થિરતા થાય છે. આત્મા જ્ઞાનનો ઉપયોગ પ્રવર્ત્તાવીને આત્મામાં લયલીનતા કરવાથી આત્માના ગુણોમાં સ્થિરતા થાય છે. આત્માનો જ ફક્ત એક ઉપયોગ ધારણ કરવાથી સમભાવના માર્ગમાં વિચરતાં આગળ આત્માનો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટે છે. આ સંસારનું કોઇપણ પોતાનું નથી. શુભાશુભ પુણ્ય-પાપ સંબંધીનું કંઈપણ પોતાનું પણ નથી. એવું મનમાં ખાસ નિર્ણયરૂપ થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ફક્ત એક આત્માના શુદ્ધોપયોગ પ્રતિ ખાસ ક્ષણે ક્ષણે લક્ષ દેવાથી પુણ્ય-પાપના બન્ને ભાવથી **આત્મા ન્યારો રહેલો અનુભવાય છે.** શુભાશુભમાં હું નથી અને તેમાં હું મારું એવી સ્ફુરણા ન થાય ત્યારે અવબોધવું કે સ્વયં પરમાત્મ સ્વરૂપથી ભિન્ન નથી. સ્વયં પરમાત્મા છું. એવો શુભાશુભ વિકલ્પ બંધ પડવાથી એવો અનુભવ આવે છે, એવી દશા પ્રાપ્ત કરવા આત્મવીર્ય ફોરવવું. આવી દશામાં જ્ઞાની આવે છે ત્યારે તે સમભાવરૂપ પોતાને નિરખે છે.

( ધાર્મિક-ગદ્ય સંગ્રહમાંથી. )

ૐ શાન્તિ. ૐ શાન્તિ.

---

### શ્રી મહાવીર સ્તુતિ.

( જબ તુમ હી ચલ પરદેશ-એ રાગ )

જય જિનજી બડા મહાવીર, પ્રભુ મહાવીર;
જય જિનજી પ્યારા, નીરાગી વો નાથ હમારા.
જગ સારા ફીર ફીર આયા હું,
અબ દરશન તેરા પાયા હું;
દુર તુમ હી કરો દુઃખ મારા પ્રભુજી પ્યારા,
નીરાગી વો નાથ હમારા.
આંખો મેં કરૂણા વાહતી હય,
ઓર જ્યોતિ ઝગમગ જલતી હય;
તુજ મુરતિ બડી સુખકારા પ્રભુજી પ્યારા,
નીરાગી વો નાથ હમારા.
દેવાધિદેવા ભજતા હું
વીર વંદન કોટી કરતા હું;
અબ ચકે યશોભદ્ર પ્યારા મુક્તિ કીનારા,
નીરાગી વો નાથ હમારા.

**મુનિ યશોભદ્રવિજયજી.**

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્ય-મંડળી સહિત અમૃતસરમાં માસકલ્પ બિરાજવાથી પૂજા-પ્રભાવનાદિ ધાર્મિક કાર્યો સારાં થયાં.

સુરતથી શેઠ ચુનીલાલ તલકચંદ જરીવાલા દર્શનાર્થે પધારતાં એક હજાર રૂપીયા શ્રી અરનાથજી ભગવાનના દેહરાસરના જીર્ણોદ્ધારમાં આપ્યા.

નારોવાલ શ્રી સંઘની અત્યાગ્રહભરી વિનંતિને માન આપી વિહાર કરી વૈ. સુ. ૧૨ સે નારોવાલ પધાર્યા. નારોવાલથી પુનમે વિહાર કરી સંખતરા પધાર્યા. અત્રેથી વિહાર કરી સીયાલકોટ થઇ શ્રી ગુજરાંવાલા પધારશે. જેઠ સુદિ આઠમે ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) નો સ્વર્ગવાસ અર્ધશતાબ્દિ ત્યાં ઉજવવા વકી છે.

ચોમાસું પ્રાયઃ ત્યાં જ થશે. પત્રવ્યવહાર રાજદીહટ્ટી, ગુજરાંવાલા ( પંજાબ ) ની માર્ફતે કરવો.

---

## " આ સભાનો ૫૦ મો વાર્ષિક મહોત્સવ અને શ્રી ગુરુદેવ જયન્તિ. "

આ માસના જેઠ સુદ ૭ ગુરુવારના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી અને તે એકાવનમા વર્ષમાં પ્રવેશ કરતી હોવાથી દર વર્ષ મુજબ સભાના મકાનમાં શ્રીયુત ભોગીલાલભાઇ લેકચર હોલમાં સવારના ૯ કલાકે પ્રભુ પધરાવી પ્રાતઃસ્મરણીય ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું સર્વ સભાસદોએ પૂજન કર્યા બાદ શ્રી નવપદજીની પૂજા સુંદર રાગરાગણિથી ભણાવી હતી અને તે નિમિત્તે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવતી વ્યાજની રકમમાંથી **થતું જમણવાર દરબારશ્રીના ધારા મુજબ બંધ રાખવામાં આવેલ હતું. તેને બદલે પ્રભાવના કરવામાં આવી હતી.**

બીજે દિવસે શુક્રવારના રોજ ગુરુદેવની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેઓશ્રીના સંસ્મરણો સાથે ગુણગ્રામ કરી સ્વર્ગવાસ જયન્તી ઉજવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા સુમારે સાડા છસો (૬૫૦) પાનાના દળદાર ગ્રંથો થશે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબુકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઈ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના વખતની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨–સુરસુંદરી** ચરિત્ર બે ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ત્રીજો છે. કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઈંડીંગવડે તૈયાર થાય છે. **આર્થિક સહાય આપનારનો ફોટો અને જીવનચરિત્ર આપવામાં આવશે.** સભા સાથે પત્રવ્યવહાર કરવાથી ખુલાસો મળી શકશે. જેમ બને તેમ વેળાસર પ્રકટ થશે.

---

**છપાતા ગ્રંથો–( ભાષાંતર )**

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૨ શ્રી વસુદેવ હિંડી.

**છપાતા મૂળ ગ્રંથો.**

૧ બ્રહત્‌ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ઠિ શ્લાકા પુરુષ ચરિત્ર ૨–૩–૪–૫ પર્વ

**છપાવવાના અનુવાદોના ગ્રંથો.**

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.
૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.
૩ શ્રી દમયંતી ચરિત્ર.

---

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે. ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨–૮–૦ | ૯ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ |
| ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૦ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩–૦–૦ |
| ૩ શ્રી વિમળનાથ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૧ ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૪ સુમુખ નૃપાદિક કથાઓ | રૂા. ૧–૦–૦ | ૧૨ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૫ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | | |
| ૬ શ્રી પૃથવીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ | ૧૩ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૭ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨–૦ | | |
| ૮ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ | | |

---

ટા. પા. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## સંસ્કૃત ગ્રંથો-થોડી નકલો સીલીકે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૪-૫ | રૂા. ૫ાા રૂા. ૬ | ૪ જૈન મેઘદૂત | રૂા. ૨-૦-૦ |
| ૨ કર્મગ્રંથ બીજો ભાગ | રૂા. ૪-૦-૦ | ૫ કથારત્ન કોષ ( ગ્લેઇઝ ) | રૂા. ૮-૮-૦ |
| ૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પ્રથમપર્વ બુકાકારે | રૂા. ૧-૮-૦ | ૬ નવસ્મરણ સ્તોત્ર સંદોહ | રૂા. ૦-૮-૦ |

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )
### થોડી નકલો સિલકે રહી છે.

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઇ ગયેલ છે. કિંમત લેઝર પેપરના રૂા. ૨-૮-૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨-૦-૦

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only